પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૮૭ | ૫ જુન, ૨૦૧૮, મંગળવાર ; અ. જેઠ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મિશન-'૧૯ની ૧૪મીએ વ્યૂહરચના ઘડાશે

**સુરજકુંડમાં મળનારી ભાજપની બેઠકમાં સંઘના ટોપ લોકો પણ હાજર રહેશે : કેન્દ્રીય નેતાઓ, અમિત શાહ, ભૈયાજી જોશી વિશેષ ઉપસ્થિત રહેશે : વિપક્ષી એકતાની સામે કઇરીતે મેદાનમાં ઉતરવામાં આવે તેના પર નીતિ તૈયાર થશે : મહાગઠબંધનને ખાળવા મોદી મંત્રીમંડળમાં ફેરફારની શક્યતા : પેટાચૂંટણીના પરિણામો બાદ હવે મંત્રી મંડળનું વિસ્તરણ અનિવાર્ય બન્યું : નારાજ સાથીઓને રાજી કરી એનડીએને એક જુથ અને મજબુત કરવા કવાયત**



નવીદિલ્હી, તા. ૪

પ્રવાસ અને મેળા માટે વિશ્વભરમાં જાણીતા થઇ ચુકેલા સુરજકુંડમાં ૧૪મી જુનથી ૧૭મી જુન દરમિયાન ભાજપની મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. લોકસભા ચૂંટણી જીતવા માટે મિશન-૨૦૧૯ હેઠળ આ ત્રણ દિવસીય સંમેલન મળનાર છે. જેમાં તમામ રાજ્યોના સંગઠન મંત્રીઓ અને અન્યો ઉપસ્થિત રહેનાર છે. ભાજપ માટે સુરજકુંડ પહેલા પણ લકી રહ્યુ છે. આ વખતે પણ જીત માટેની પટકથા ભાજપ સુરજકુંડમાંથી લખવા માટે ઇચ્છુક છે. વર્ષ ૨૦૧૯ની ચૂંટણી માટે રણનિતી અહીં તૈયાર કરવામાં આવનાર છે. જેમાં વિપક્ષી એકતા સામે ક્યાં હથિયારનો ઉપયોગ કરવામાં આવે તે પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે.

પાર્ટીએ મિશન-૨૦૧૯ માટે કામ શરૂ કરવામાં આવ્યુ છે. આમાં કેન્દ્રિય નેતાની સાથે સંઘના મહાસચિવ ભૈય્યાજી જોશી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ હાજરી આપનાર છે. ૧૪મી જુનથી શરૂ થનાર આ સંમેલનમાં દરરોજ ચાર સત્ર થશે. સતત ત્રણ દિવસ સુધી સંમેલન ચાલનાર છે. સત્રને સંઘ સાથે જોડાયેલા લોકો સંબોધન કરનાર છે. આ સંમેલનમાં જીત માટેની રણનિતી તૈયાર કરવાની સાથે સાથે વિપક્ષી એકતાનો સામનો કઇ રીતે કરવામાં આવે તે પાસા પર પણ વિચારણા કરવામાં આવશે અને કોઇ નીતિ તૈયાર કરવામાં આવનાર છે. વિપક્ષી પાર્ટીઓ એકમત થયા બાદ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### કાબુલમાં આત્મઘાતી હુમલો

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં એક આત્મઘાતી હુમલામાં ૧૪ લોકોના મોત થયા છે. આતંકવાદ વિરુધ્ધ શાંતિ સ્થાપવાની અપીલની બેઠક દરમિયાન જ આ હુમલો થયો હતો.

### હવાઈમાં લાવાના કારણે લોકો ફસાયા

હવાઈના બિગ આઈલેન્ડ પર છેલ્લા ચાર અઠવાડિયાથી સક્રિય થયેલા કિલાઉ જવાળામુખીમાં બ્લાસ્ટ હજુ યથાવત છે. અહીં ડઝનથી વધુ નાગરિકો લાવાના કારણે ફસાયા છે. અહીં પીવાના પાણીની તંગી સર્જાઈ છે.

### અમિત શાહને મળ્યા યોગી

કેરના લોકસભા અને નૂરપુર વિધાનસભાની સીટ પર હાર બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પાર્ટી અધ્યક્ષ અમિત શાહને મળવા દિલ્હી પહોંચ્યા હતા. તેઓની વચ્ચે યોજાયેલી બેઠકમાં હારની સમીક્ષા થઈ હતી.

### ન્યુઝીલેન્ડમાં ૭૦૦ વર્ષ જુનું ગામ મળ્યું

ન્યુઝીલેન્ડના વૈજ્ઞાનિકોએ ૧૪મી સદીમાં વસેલા ૭૦૦ વર્ષ જુના ગામડાને શોધી કાઢયું છે. આ માઓરી ગામના ઉત્ખનન દરમિયાન ખાદ્યાન્ન, વિવિધ ઉપકરણો, હાડકાંઓ અને અન્ય ચીજવસ્તુઓ મળી આવી છે.

# મધ્યપ્રદેશમાં બોગસ મતદાર મામલે ચાર ટીમોની રચના

**મધ્યપ્રદેશમાં ચૂંટણી પહેલા નવો વિવાદ છેડાયો : બોગસ મતદારના મામલે તપાસ શરૂ : સાતમી જુન સુધી ચાર ટીમો હેવાલ આપશે : ચૂંટણી પંચ ખુબ ગંભીર**

નવી દિલ્હી,તા. ૪

મધ્યપ્રદેશમાં નોંધાયેલા લાખો બોગસ મતદારોને લઈને ભારે હોબાળો મચી ગયો છે. આ મામલે ચૂંટણી પંચે ગંભીર બનીને ઉંડી તપાસ શરૂ કરી દીધી છે. મળેલા હેવાલ મુજબ ચૂંટણી પંચે બોગસ મતદારોના મામલે તપાસ કરવા માટે ચાર ટીમની રચના તરત જ કરી દીધી છે.જે દિવસોના ગાળામાં જ હેવાલ સુપ્રત કરનાર છે. મધ્યપ્રદેશમાં લાખો બોગસ મતદારો હોવાના હેવાલ આવ્યા બાદ આક્ષેપબાજીનો દોર શરૂ થયો છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા બાદ ચૂંટણી પંચે નોંધ લીધી છે. નારેલા, ભોજપુર, હોશંગાબાદ અને સેવોની માલવા વિધાનસબા મતવિસ્તારમાં મતદાર યાદીમાં ધ્યાન આપવા માટે બે બે સભ્યોની બનેલી ચાર ટીમની રચના ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી ચુકી છે. આ ટીમે આજે સવારે તેની તપાસ હાથ ધરી હતી. આ ટીમ સાતમી જુનના દિવસે તેમના હેવાલ સુપ્રત કરનાર છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા કેટલાક મતદારોની અનેક એન્ટ્રીના દાખલા સાથે ચૂંટણી પેનલને હેવાલ સોંપી દીધા બાદ ચૂંટણી પંચ દ્વારા ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. કોંગ્રેસ પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે રાજ્યમાં ૬૦ લાખથી વધારે બોગસ મતદારો નોંધાયેલા છે. ભાજપના ઈશારે આ કામ કરવામાં આવ્યુ છે. મધ્યપ્રદેશ કોંગ્રેસ પ્રમુખ કમલનાથે કહ્યુ છે કે ચૂંટણી પંચને કેટલાક નક્કર પુરાવા પણ સોંપી દેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો

**છ દિવસમાં પેટ્રોલની કિંમતમાં દિલ્હી તેમજ મુંબઈમાં ૪૭ પૈસા પ્રતિલીટરનો ઘટાડો**

નવી દિલ્હી, તા.૪

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત છઠ્ઠા દિવસે પણ આજે ઘટાડો કરવામાં આવ્યો હતો. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં આજે ક્રમશઃ ૧૪-૧૫ પૈસાનો લીટરદીઠ ઘટાડો કરવામાં આવ્યો હતો. દિલ્હી, કોલકાતા, મુંબઈ, ચેન્નાઈમાં લોકોને રાહત થઈ હતી. સતત છઠ્ઠા દિવસે પેટ્રોલમાં ઘટાડો કરાયો હતો. સાથે સાથે ડીઝલમાં છ દિવસ પૈકી પાંચ દિવસ ઘટાડો કરાયો છે. રવિવારના દિવસે ડીઝલની કિંમતમાં કોઈ સુધારો કરાયો ન હતો. છ દિવસમાં પેટ્રોલની કિંમત દિલ્હી અને મુંબઈમાં ૪૭ પૈસા, કોલકાતામાં ૪૬ પૈસા અને ચેન્નાઈમાં ૪૯ પૈસા ઘટી ગઈ છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. ડીઝલની કિંમત દિલ્હી અને કોલકાતામાં લીટરદીઠ ૩૪ પૈસા ઘટી ગઈ છે. મુંબઈ અને ચેન્નાઈમાં ૩૬ પૈસા ઘટી ગઈ છે.


**લક્ષ્ય**

Mission Pay Back to The Society

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯માં લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગ

- સ્પીપાના નિષ્ણાંત ફેકલ્ટીઝ અને તજજ્ઞો દ્વારા માર્ગદર્શન
- સમૃદ્ધ ગ્રંથાલય - વિના મૂલ્યે પુસ્તકોનું વાંચન
- નિયમિત પરીક્ષા

તા. ૧૦-૬-૨૦૧૮થી નીચે પ્રમાણેના તાલીમવર્ગની શરૂઆત

| TIME | DETAILS |
| --- | --- |
| 8-00 AM to 10-00 AM | CPSC-Class I-II and Dy.S.O., Dy. Mamlatdar |

ફી રૂ. ૫,૦૦૦/-

તાલીમાર્થીઓએ માત્ર એકવાર સમગ્ર તાલીમ માટે ભરવાની રહેશે.

લક્ષ્ય, 'અટ્રીઆ-બી' ૨૧૧, બીજો માળ, ખ-૦ સર્કલ, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર
મો. ૮૪૦૧૩૦૫૪૬૮, ૯૮૨૫૦ ૩૧૩૮૩


